SAMAST MAHAJAN MEDIA COMMITTEE

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૫૩ • તા.૧૫ મે થી ૨૧ મે ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

દ્વારા

## જ્ઞાતિજનો માટે વિવિધ રાહત કાર્યોનો શુભારંભ

- અન્નપૂર્ણા યોજના
- માસિક અનાજ સહાય
- આર્થિક સહાય યોજના
- મેડિકલ સહાય યોજના
- શૈક્ષણિક સહાય યોજના
- મહિલા ઉત્કર્ષ યોજના


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ક્ષમા વીરસ્ય ભૂષણમ

સંસારને અનુભવીઓ એ અસાર કહ્યું છે. જેમાંથી કોઈ સાર ન મળે, કોઈ સુખ કે સાથ ન મળે એવા આ સંસારમાં જીવતા, વ્યવહાર સંભાળતા કે સાથે સાથે રહેતા ક્યારેક મન દુ:ખ અણખટ થાય એ સહેજ છે. સંસારનો નિયમ છે કે વિવાદો ન ઈચ્છતા હોઈએ તો પણ ઘણીવાર, ઘણી જગ્યાએ વિવાદો જાગે છે. આ વખતે સમજણથી બહોળી લાગણીથી કામ લેવું જરૂરી છે. સાથે રહેતા, સાથે વસતા વાસણો જેમ ખખડે ભલે પણ તે ભંગાર ન થઈ જવા જોઈએ.

સંસારમાં તેમજ રોજગાર, વ્યાપારમાં ભાગીદારો વચ્ચે, ગ્રાહકો વેપારી વચ્ચે ખટરાગ થાય, બોલાચાલી થાય, મન દુ:ખ થાય કે ગેરસમજ થાય. પરંતુ એક જણ આગ બને ત્યારે બીજો પાણી બને એ જરૂરી છે. શાંત થઈ ક્ષમામાંગી લે તો વાત આગળ ન વધે તો અને વિવાદનું શમન થઈ જાય.

ભૂતકાળની વાતો સ્મરણમાં રાખ્યા વગર, અપશબ્દો બોલ્યાવિના, અણગમતી લાગણીઓ પર કાબુ રાખી હૃદયની ઉદારતા ધરાવી સામે વાળી વ્યક્તિના વિચારોનું પરિવર્તન થાય એ જરૂરી છે. તો જ વાદ-વિવાદનું શમન થાય. ડહોળેલું વાતાવરણ શાંત થાય. કોઈને તમાચો ચોડી દેવો સહેલો છે. પણ ઉદાર ભાવથી ક્ષમા માગવી અઘરી છે. વેરની સામે વેર કરવું એ તાકત બતાવવાની મગરૂરી થવાની પ્રક્રિયા છે. તો વેરની સામે ક્ષમા આપી દેવી એ જીગરની વાત, હિંમતની વાત છે.

વેરની સામે વેર કરવાથી તથા સમજણના અભાવથી એકબીજા વચ્ચે મનદુ:ખ ઊભા થાય છે. ત્યારે મન મગજ ઠંડુ રાખવાથી વિવાદનું વાતનું વતેસરનું ઝટ શમન થાય છે. આ વેર દુશ્મનાવટની ભાવનાથી જ કોર્ટ કચેરીના ફેરા થાય છે. અને આપણી વાત ખરી છે, કાયદાના આધારમાં સત્ય છે. એ સાબિત કરતા વકીલો લાભ લે છે. બંન્ને પક્ષ શાંતિ અને સમજણ દાખવી સમાધાનને રસ્તે આગળ વધે તો શાંતિ સાથે સુખ અને સંતોષ સહજ મળી રહે છે.

માણસ માત્ર ભૂલને પાત્ર. ભૂલ કોઈનાથી પણ થાય પણ તેની કબૂલાત અને વેરઝેરના વમળમાં અટવાયા વગર તેનું સમાધાન ક્ષમા માંગવાથી થાય તો એને નાનપ ન સમજવું જોઈએ જોઈએ સમા વીરસ્ય ભૂષણમ ક્ષમા આપનાર મહાન છે. ચડિયાતો છે. એ ઈતિહાસ સિદ્ધ હકીકત છે.

– જય જ્ઞાતિમૈયા

# આફતમાં પણ અવસર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આફત આપણાં જીવનમાં વાવઝોડું બનીને ત્રાટકે છે. એની ખાના ખરાબી દિવસો સુધી અસર છોડી જાય છે. સંબંધમાં તણાવ, આર્થિક નુકસાની, પ્રેમમાં નિષ્ફળતા, સગા કે આત્મીય સ્વજનનું અચાનક મૃત્યુ, લાંબી બીમારીના કારણે ચિંતાનો માહોલ, બેકારી, વ્યવસાયિક કારણોસર મન પર પડતો બોજ આ સર્વે કારણો આફત થઈને આપણને ઘેરે છે. આ સર્વે કારણોને લઈને આપણ સૌ મોટા ભાગે આપણે હથિયાર હેઠાં મૂકી દઈએ છીએ. એમાં ખરી રીતે નાસી પાસ થયા વગર હિંમતપૂર્વક ઝઝૂમવું જોઈએ. લાચારી, વ્યગ્રતાનો ડૂમો રૂદન વાટે બહાર કાઢી મનને મજબૂત કરીને બહાર પડવું જોઈએ. આફતને અવસર માનીને હિંમતપૂર્વક કટોકટીની પળોનું શમન કરવું જોઈએ. આ કપરી પળોને વિકાસની તક સમજ ખુશી અને પ્રસન્નતાની કેડીએ જીવન સફરને વાળવી જોઈએ.

જાત જાતની વિટંબણાઓથી આપણું જીવન ભરેલું છે. જીવનમાં ચડાવ ઉતાર આવવા સહેજ ઘટના છે. ક્યારેક ઉન્નત આસમાનમાં વિહરણ તો ક્યારે ઊંડી ખીણની કોતરોમાં, ક્યારેક પર્વત પર ડેરો તો કદિક દરિયા સાગરના અથાગ તળમાં. આમ જેમ જેમ જીવન આગળ વધતું જાય તેમ તેમ અનેક ચઢાવ ઉતારના અનુભવથી સમૃધ્ધ થઈ તાકતવંત બની જઈએ. આ હિંમત અને બળ આગામી સમયે ખાડા ટેકરાળ ભૂમિને પ્રવાસ લાયક સરળ-સુગમ બનાવી દેશે.

ભલું થયું ભાંગી જંજાળ, સુખેથી ભજશું શ્રીગોપાળ એવી મનોભવના નિર્લેપ અને નિશંક નિષ્કામ કર્મયોગ ભાવના સર્જે છે. જીવનના તાપથી સંઘર્ષ માહોલથી ઘડાયેલો વ્યક્તિ મજબૂત, કદાવર અને સુદૃઢ બને છે. જ્યારે કોઈ ચીજનો અભાવ હોય ત્યારે જ એના દ્વારા સર્જાતી તૃપ્તિની કિંમત થાય છે. દરેક સંજોગોમાં જીવનને આનંદપૂર્વક જીવીએ, આનંદપૂર્વક રહીએ. આફત એ અવસર બને એ રીતે તેને માણીએ ત્યારે જીવનનો ખરેખર આનંદ પામશું આપણે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા જ્ઞાતિજનો માટે વિવિધ રાહત કાર્યોનો શુભારંભ



**મયૂર** મણિકાંત ધુલ્લા
પ્રમુખ (વર્ષ-૨૦૨૧)

SHREE K.D.O. JAIN SARVODAY MANDAL - MULUND
ESTD.1964



**વિરાજ મયૂર ધુલ્લા**
**મહિલા વિભાગ પ્રમુખ (વર્ષ-૨૦૨૧)**

મુલુંડમાં કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિજનોને એક તાંતણે જોડી રાખવા, તેમાં સુધારણા અને ઉત્થાનનું કાર્ય શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ કરે છે. ૧૯૬૪માં મંડળની સ્થાપના થઈ. ૫૭ વર્ષથી મંડળ કાર્યરત છે.

સામાન્ય દિવસોમાં બુક બૅન્ક, શૈક્ષણિક સહાય, માંદગી સહાય વગેરે પ્રવૃત્તિ મંડળ કરે છે. વર્ષમાં બે વખત બિદડા ખાતે નેચરોપથી કેમ્પ યોજે છે. જેમાં અંદાજે ૭૦ જ્ઞાતિજનો ભાગ લે છે. માર્ચ અને સપ્ટેમ્બરમાં આ કેમ્પ યોજવામાં આવે છે. હાલમાં કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે લોકડાઉનમાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે રાહતકાર્યનો આરંભ કરાયો છે.

### સ્વયંસેવકોની ટીમ ખડે પગે

સમાજને જ્યારે જ્યારે જરૂરિયાત પડી છે ત્યારે શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ સ્વયંસેવકોની ટીમ સાથે જ્ઞાતિજનોની સેવામાં દોડી જાય છે. સંસ્થાના વર્તમાન પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લાએ પણ કારોબારી સભ્યોની ટીમ સાથે સેવાકાર્યની જ્યોત જલતી રાખી છે. તાજેતરમાં કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉન ચાલી રહ્યો છે ત્યારે જ્ઞાતિજનો માટે ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળે વિવિધ સ્તરે રાહતકાર્યો હાથ ધર્યો છે.

### આર્થિક અને વૈદ્યકીય સહાય :

સર્વોદય મંડળ દ્વારા મુલુંડના જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કરેલા ધારાધોરણો મુજબ આર્થિક અને વૈદ્યકીય સહાય કરવામાં આવે છે.

### અન્નપૂર્ણા યોજના

સર્વોદય મંડળ દ્વારા વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કોરોનાગ્રસ્ત હોમ ક્વોરન્ટાઈન મુલુંડના જ્ઞાતિજનો માટે બપોરે અને સાંજે ટિફિનની વ્યવસ્થા એમના નિવાસે પહોંચે એ રીતે એપ્રિલ માસથી શરૂ કરવામાં આવી છે. મંડળ અત્યાર સુધી જરૂરિયાતમંદ ૬૦૦+ થી વધુ પરિવાર સભ્યો માટે બપોરે અને સાંજે જમવાના

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા જ્ઞાતિજનો માટે વિવિધ રાહત કાર્યોનો શુભારંભ

ટિફિનનું વિતરણ કરે છે. કોરોના વાયરસથી બચવા માટે આવશ્યક સ્વચ્છતાના તમામ ધોરણોને અનુસરીને સ્વયંસેવકો દ્વારા પ્રાપ્ત થયેલી યાદી મુજબ પરિવાર સભ્યો માટે ડિસ્પોસીબલ પેકિંગમાં સ્વાસ્થ્યપ્રદ ટિફિનનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવે છે.

**માસિક અનાજ સહાય**

સંસ્થા દ્વારા મુલુંડના જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કર્યા મુજબ સ્વયંસેવકો યાદી બનાવીને આપે છે. તેમને દર મહિને અનાજ સહાયનું વિતરણ નિ:શુલ્ક કરવામાં આવે છે.

**શૈક્ષણિક સહાય યોજના**

મંડળ દ્વારા મુંબઈ, થાણા, નવી મુંબઈના પરામાં વસતા જ્ઞાતિના જરૂરિયાતમંદ સ્કૂલ સ્ટુડન્ટ માટે નક્કી કરેલ ધોરણ મુજબ એજ્યુકેશનલ ફી સહાય આ યોજના અંતર્ગત આપવામાં આવશે. આ ફીસની નક્કી કરેલી રકમ સીધી સ્કૂલ/ઈન્સ્ટિટ્યૂશનના નામ પર આપવામાં આવશે.

**મહિલા ઉત્કર્ષ સહાય**

મુલુંડના જરૂરિયાતમંદ મહિલા જ્ઞાતિજનો આ વિપરીત સંજોગો સામે માનભેર ઊભી રહે તે માટે મહિલા ઉત્કર્ષ સહાય યોજના શરૂ કરવામાં આવી છે. જેથી મહિલાઓ નાની મોટી આર્થિક પ્રવૃત્તિમાં કાર્યરત થઈ આજીવિકા રળીને પરિવારને આર્થિકરૂપે મદદરૂપ થઈ શકે. આ સહાયનો ઉદ્દેશ જ્ઞાતિની બહેનોને આર્થિક દ્રષ્ટિએ આત્મનિર્ભર બનાવવાનો છે.

**સેવા પ્રવૃત્તિઓનો સંકલ્પ**

પ્રમુખ મયૂરભાઈ ધુલ્લાએ કહ્યું કે, મંડળનો કારભાર મેં સંભાળ્યો ત્યારે નક્કી કર્યું કે, જ્ઞાતિજનો માટે મેડિકલ, આરોગ્ય, રમતગમત જેવી પ્રવૃત્તિઓ વધુમાં વધુ કરવી. થોડી પ્રવૃત્તિઓની વાત કરું તો વડીલોની પેઈન્ટોલોજી અને 'બચપન કી યાદે' કાર્યક્રમ સૌને ગમ્યો. અધિષ્ઠાયિકા દેવી મહાકાળી માતાજીની ગોલ્ડન જ્યુબિલી ભક્તિ ભાવના અને પાવાગઢ યાત્રા અને બલસાણા પારોલા યાત્રા પ્રવાસ વગેરે. બુક બૅન્ક અને સરસ્વતી સન્માન દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રવૃત્તિ થઈ. યુથ ટ્રેઝર હન્ટ, સાઈકલ રાઈડિંગ અને ટ્રેક દ્વારા યુવાનોની સાહસવૃત્તિને પ્રોત્સાહન મળ્યું. રક્તદાન કેમ્પ યોજ્યો. હેલ્થ અને ફિટનેસની જાગૃતિ માટે હેલ્ધી કેડીઓ અને બિદડા નેચર કેમ્પ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી. આ સફળતાનો શ્રેય હું સંપૂર્ણ કમિટીને આપું છું.

આ સિવાય ત્રણ વર્ષના ગાળામાં ઘણા કાર્યો થયાં જેવા કે, કીડ્ઝ સ્પેશિયલ, યોગા કાર્યક્રમ, મહિલાઓ માટે બૅન્કિંગ માહિતી સેમિનાર, ઈન્ટરનેશનલ યોગ દિવસની ઉજવણી, મહિલા સ્નેહ મિલન, તીકોટા ગઢ ટ્રેકિંગ કાર્યક્રમ, મસાલા વિતરણ જેવી વિવિધ પ્રવૃત્તિઓથી મંડળ ધમધમતું રહ્યું.

**મુલુંડમાં ૯૬૦ પરિવારો**

મુલુંડમાં જ્ઞાતિના ૯૬૦ પરિવારો વસવાટ કરે છે. જ્ઞાતિનો નાનો હોલ છે. તેમાં મંડળનું કાર્યાલય પણ છે. આ હોલ મુલુંડ વેસ્ટમાં વાલજી લધા રોડ પર છે. મંડળના પ્રમુખ મયૂરભાઈ ધુલ્લા (જખૌ) ઉપરાંત અન્ય પદાધિકારીઓમાં ઉપપ્રમુખ યશોધનભાઈ કારાણી(સુથરી), ખજાનચી રોપીન નાગડા (નલિયા), મંત્રી જીજ્ઞેશ મોતા (રાપર-ગઢવાળી), સહમંત્રી રાજેન્દ્ર ધુલ્લા (જખૌ) છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## અન્નપૂર્ણા યોજના

આશા છે કે આપ સર્વે જ્ઞાતિજનો આ કપરા સમયમા પોતાના તેમજ કુટુંબના બધા સભ્યોના આરોગ્ય બાબત યોગ્ય તકેદારી લઈ રહયા હશો.
મંડળ આપની સ્વસ્થતા ઈચ્છે છે. તેમજ વિનંતી કરે છે કે સરકાર દ્વારા તેમજ ડોક્ટરો દ્વારા સ્વાસ્થય અંગે સમયાંતરે આપતા સુચનોનું પાલન કરતા રહેજો.

સર્વોદય મંડળ દ્વારા વર્તમાન પરિસ્થિતિ ને અનુલક્ષી કોરોનાગ્રસ્ત હોમ ક્વોરન્ટાઈન મુલુંડના જ્ઞાતિજનો માટે બપોર અને સાંજે જમવાના નિ:શુલ્ક ટિફિન આપના નિવાસ સ્થાને પહોંચે એ મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**અન્નપૂર્ણા યોજના માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

મયુર ધુલ્લા - 98200 91919

જીગ્નેશ મોતા - 98214 42005 | કલ્પેશ શાહ - 70214 11748

રોપિન નાગડા - 93234 75837 | સંદીપ શાહ - 98671 67387

કોરોના કહેરના આ કપરા સમયમા મંડળ સેવાકાર્યની નીવ (NEEV) રાખી આગળ વધી રહીયુ છે અને આપ સહુને આ માનવતા અને સેવા કાર્યમાં "નીવ "NEEV" યોજના અંતર્ગત મંડળનાં આ કાર્યમાં સહભાગી થવા અપીલ કરે છે.

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

કારોબારી સભ્યો

**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## માસિક અનાજ સહાય

સર્વોદય મંડળ દ્વારા મુલુંડના જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કરેલ ધારા ધોરણોને અનુસરીને સ્વયંસેવકો દ્વારા પ્રાપ્ત થયેલી યાદી મુજબ પરિવારના સભ્યો માટે માસિક અનાજ વિતરણ સહાય નું નિ:શુલ્ક વિતરણ શરૂ કરવામાં આવેલ છે.

**માસિક અનાજ સહાય સહાય માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

**ભૌમિક શાહ - 99670 32100**
**નિશાંત નાગડા - 98703 37378**

કોરોના કહેરના આ કપરા સમયમા મંડળ સેવાકાર્યની નીવ (NEEV) રાખી આગળ વધી રહીયુ છે અને આપ સહુને આ માનવતા અને સેવા કાર્યમાં "નીવ "NEEV" યોજના અંતર્ગત મંડળનાં આ કાર્યમાં સહભાગી થવા અપીલ

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

કારોબારી સભ્યો
**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## આર્થિક સહાય યોજના

આશા છે કે આપ સર્વે જ્ઞાતિજનો આ કપરા સમયમા પોતાના તેમજ કુટુંબના બધા સભ્યોના આરોગ્ય બાબત યોગ્ય તકેદારી લઈ રહયા હશો.

મંડળ દ્વારા મુલુંડના જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ આર્થિક સહાય યોજના ચલાવવામાં આવી રહી છે.

**આર્થિક સહાય માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

**રાજેન્દ્ર ધુલ્લા - 93239 84221**
**અનિક ધરમશી - 98336 62050**
**પ્રેમ ચુરલા - 98202 91869**
**રાહુલ મૈશેરી - 98204 68080**

કોરોના કહેરના આ કપરા સમયમા મંડળ સેવાકાર્યની નીવ (NEEV) રાખી આગળ વધી રહીયુ છે અને આપ સહુને આ માનવતા અને સેવા કાર્યમાં "નીવ "NEEV" યોજના અંતર્ગત મંડળનાં આ કાર્યમાં સહભાગી થવા અપીલ કરે છે.

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

🙏 કારોબારી સભ્યો 🙏

**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## મેડિકલ સહાય યોજના

આશા છે કે આપ સર્વે જ્ઞાતિજનો આ કપરા સમયમા પોતાના તેમજ કુટુંબના બધા સભ્યોના આરોગ્ય બાબત યોગ્ય તકેદારી લઈ રહયા હશો.

મંડળ દ્વારા મુંબઈ, થાણા, નવી મુંબઈના પરામાં વસતા જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ મેડિકલ સહાય યોજના ચલાવવામાં આવી રહી છે.

આ મેડિકલ સહાય ની નક્કી કરેલ રક્કમ સીધી ઈન્સ્ટિટ્યૂશન ના નામ પર આપવામાં આવશે.

**મેડિકલ સહાય માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

**યશોધન કારાણી - 98211 37737**
**રોપિન નાગડા - 93234 75837**
**મહેશ દંડ - 97692 60739**
**તેજસ લાલકા - 98202 20098**

કોરોના કહેરના આ કપરા સમયમા મંડળ સેવાકાર્યની નીવ (NEEV) રાખી આગળ વધી રહીયુ છે અને આપ સહુને આ માનવતા અને સેવા કાર્યમાં "નીવ "NEEV" યોજના અંતર્ગત મંડળનાં આ કાર્યમાં સહભાગી થવા અપીલ કરે છે.

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

🙏 કારોબારી સભ્યો 🙏

**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## શૈક્ષણિક સહાય યોજના

મંડળ દ્વારા મુંબઈ, થાણા, નવીમુંબઈના પરામાં વસતા જ્ઞાતિના જરૂરીયાતમંદ સ્કૂલ સ્ટુડન્ટ માટે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ એજયુકેશનલ ફીસ સહાય આ યોજના અંતર્ગત આપવામાં આવશે.

આ ફીસ ની નક્કી કરેલ રક્કમ સીધી સ્કૂલ / ઈન્સ્ટિટ્યૂશન ના નામ પર આપવામાં આવશે.

**શૈક્ષણિક સહાય માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

જીગ્નેશ મોતા - 98214 42005
કલ્પેશ શાહ - 70214 11748
રોપિન નાગડા - 93234 75837
પ્રેમ ચુરલા - 98202 91869

કોરોના કહેરના આ કપરા સમયમા મંડળ સેવાકાર્યની નીવ (NEEV) રાખી આગળ વધી રહીયુ છે અને આપ સહુને આ માનવતા અને સેવા કાર્યમાં "નીવ "NEEV" યોજના અંતર્ગત મંડળનાં આ કાર્યમાં સહભાગી થવા અપીલ કરે છે.

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

કારોબારી સભ્યો

**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ, મુલુંડ

## મહિલા ઉત્કર્ષ યોજના

સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા મુલુંડના જરૂરીયાતમંદ મહિલા જ્ઞાતિજનો આ વિપરીત્ત સંજોગો સામે માનભેર ઊભી રહે તે માટે ‘ મહિલા ઉત્કર્ષ યોજના ’ શરૂ કરવામાં આવી છે. જેથી મહિલાઓ નાની-મોટી આર્થિક પ્રવૃત્તિમાં કાર્યરત થઈ રોજબરોજના અર્થોપાર્જન હેતુ આજીવિકા રળીને સ્વયંને તથા તેના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે. આ ‘મહિલા ઉત્કર્ષ યોજના’ નો ઉદેશ જ્ઞાતિની બહેનોને આર્થિક દ્રષ્ટિએ આત્મનિર્ભર બનાવવા અંગેનો છે.

**મહિલા ઉત્કર્ષ યોજના નો લાભ લેવા નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

લતા કારાણી - 99200 29555

દિપા નાગડા - 92243 45000

ભારતી લોડાયા - 84528 71212

નીવ નુ ચણતર......
સમાજના ભવિષ્યનું ઘડતર.....

N - Nurture
E - Educate
E - Empower (to Create)
V - Visionaries

કારોબારી સભ્યો

**શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ**

# બાડમેર સંઘમાં તપજ્યોતિ પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના શ્રી સર્વતો ભદ્ર તપ પૂર્ણાહૂતિ પારણા લાભનો અવસર

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશીર્વાદથી અને અચલગચ્છાધિપતિ, સંઘ કૌશલ્યાધાર પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના મંગલ આશીષ એવમ માંગલિક પચ્ચખાણથી ૪૪૧ દિવસના તપ જેમાં ૩૯૨ ઉપવાસ ૪૯ પારણા આવે છે એવા ઉગ્ર શ્રી સર્વતો ભદ્ર તપ તપ જ્યોતિ પ.પૂ.સાધ્વીશ્રી કૈવલપ્રિયાશ્રીજી મ.સા.ની આ તપ સાધના હવે પૂર્ણતાને આરે છે. દેવગુરૂ એવમ સમસ્ત વિશ્વ હિત કાજે ૧૫૩ દિવસનો વધારો તપ સંકલ્પમાં કરી હવે ૪૪૧+૧૫૩ = કુલ્લ ૫૯૪ દિવસના સુદીર્ઘ તપ પૂર્ણ થઈ રહ્યાં છે.

પૂજ્ય ગુરૂવર્યાશ્રીજીના તપના પારણા કોરોના મહામારીના સંક્રમણ તથા સરકારશ્રીની ગાઈડ લાઈન્સને ધ્યાનમાં રાખી આ પારણા ઉત્સવને ટૂંક મય સ્વરૂપ અપાશે. આ મહાન તપ પૂર્ણાહૂતિ પારણા કરાવવાના લાભનો નકરો શ્રી અચલગચ્છ જૈન સંઘ બાડમેર એ આ પ્રમાણે નિર્ધારીત કરેલ છે.

● પારણા કરવાનો લાભ રૂા.૫૧,000/- ● ગુરૂ પૂજનનો લાભ રૂા.૧૧,000/- ● ભગવાન વહોરવાનો લાભ રૂા.૧૧,000/- ● યંત્ર વહોરવાનો લાભ રૂા.૧૧,000/- ● કામળી વહોરવાનો લાભ રૂા.૧૧,000/- ● નવકારવાળી વહોરવાનો લાભ રૂા.૧૧,000/-. નકરા લખવાનો સમય ૧૮મે મંગળવાર બપોરે ૧૨.00 સુધી રાખવામાં આવેલ છે. જે ભાગ્યશાળીને ઉપર લિખિત લાભ પામવાની ભાવના હોય તે પવન સિંઘવી-૯૪૧૪૧૦૬૪૩૨નો સંપર્ક કરે. એકથી વધુના નામ આવશે એ સંજોગોમાં ભાગ્યશાળીનું નામ લોટરી દ્વારા ૧૮મે બપોરે ૧ કલાકે ઘોષિત કરાશે. પારણા કરવાનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવારના પાંચ સભ્યો પૂજ્ય ગુરૂવર્યાશ્રીને પારણા કરાવવા આવી શકશે. જ્યારે ગુરૂપૂજન, ભગવાન, યંત્ર, નવકારવાળી, કામળી વહોરવાનો લાભ લેનાર પરિવારના બે સદસ્યોને આવવાની અનુમતિ રહેશે. પારણાનો સમય અવસર આવતા જણાવવામાં આવશે. સર્વતો ભદ્ર પારણા ઉત્સવ સ્થાન શ્રી ગુણસાગરસૂરી સાધના ભવન બાડમેર (રાજસ્થાન).

## ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
૧૯-૧-૧૯૫૩

અરિહંત શરણ :
૩૦-૪-૨૦૨૧

**સ્વ. સૌ.સરોજબેન રાજેન્દ્ર મણીલાલ ખોના**

(ગામ - સુથરી, હાલ - મુલુંડ)

અમારા પરીવારના આત્મીય જન તથા આપણી જ્ઞાતિની ઘણી સામાજિક/ધાર્મિક સંસ્થાઓ સાથે વરસોથી સંકળાયેલા શ્રી રાજેન્દ્ર ખોનાના ધર્મપત્ની સૌ. સરોજબેન રાજેન્દ્ર મણીલાલ ખોના, સુથરી-મુલુંડ ને અમારા પરિવાર વતી અશ્રુભીની શ્રધ્ધાંજલી.

-: શ્રદ્ધાસુમન :-

**મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા પરિવાર**

**હ. જયંતીલાલ લધાભાઈ મોમાયા, બેંગ્લોર ● અમૃતલાલ લધાભાઈ મોમાયા, મુંબઈ**

# શ્રી જખૌ મહાજન દેરાસર ટ્રસ્ટના જરૂરતમંદ સભ્ય પરિવારને ફૂલ પાંખડી રૂપે રોકડ સહાય અપાશે

સૌ જખૌવાસીઓની મહાજન તથા દેરાસર ટ્રસ્ટ કુશળ મંગલ ઈચ્છે છે. બધાએ સરકારી આદેશોનું પાલન કરી બને ત્યાં લગી ઘરમાં જ રહી તબિયતની વિશેષ પણે કાળજી રાખવા ભલામણ કરે છે અને ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન સૌ પરિવારનું મંગલ ઈચ્છે છે. કોરોના વાયરસના લીધે વિવિધ બંધનો નિયમનો થકી આપણા માંના થોડાક કુટુંબોને રોજી રોટીની સમસ્યા થઈ હશે. જખૌ મહાજન દાતાઓના સહકારથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે જરૂરિયાતમંદ પરિવારોને ગુપ્ત પણે સહાયતા પહોંચાડવાની કોશિષ કરે છે.

આ વર્ષે પણ જખૌ ગામના ગૌરવ એવા પ.પૂ.શ્રી યશોદયાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના સુવર્ણ જયંતિ વર્ષના પ્રવેશ નિમિત્તે તા.૨૮મે વૈશાખ વદ ૩ વિ.સં.૨૦૭૭ના રોજ જરૂરિયાતમંદ પરિવારોના ખાતામાં રૂા.૧૦૦૦ ટ્રાંસફર કરવાનું આયોજન કરેલ છે. ટૂંક સમયમાં મહાજનશ્રીના અધિકારીઓ ગત વર્ષના લાભાર્થી પરિવારોનું સંપર્ક કરશે. જે કોઈ જરૂરિયાતમંદ પરિવારો ગત વર્ષે મહાજનશ્રીનો સંપર્ક ગત વર્ષે ન કરી શક્યા હોય એમણે મહાજનશ્રીના સેક્રેટરી જયંતિલાલ દેવસી મૈશેરીનો વોટ્સએપ નં.૯૮૧૯૪૭૮૨૫૦ અથવા ચાંપશીભાઈ ડુંગરશી હેફા-૯૮૨૦૬૫૯૮૦૯ને પોતાનું નામ, વસતીપત્રક નંબર, પોસ્ટલ સરનામું તથા બેંક ખાતાની વિગતો સાથે સંપર્ક કરે.

આ યોજના ફક્ત ક.દ.ઓ.જૈન જખૌવાસીઓ માટે જેમનું વસતીપત્રક નંબર JKથી ચાલુ થતું હોય તેમના માટે જ છે.

---

# ડોંબિવલીમાં વર્ષીતપના પારણા કાજે તપસ્વીઓના હાથ પહોંચ ઈક્ષુ રસ પહોંચાડવાની સેવા કરાઈ





ડોંબિવલી સંઘમાં અખાત્રીજના મંગલ અવસરે વર્ષીતપના પારણા માટે ૩૨ તપસ્વીઓને તેમના ઘરે તથા કોવિડ સેન્ટરમાં દાખલ તપસ્વીઓને કોવિડ સેન્ટરમાં જઈ તપસ્વીઓ માટે ઈક્ષુ રસ પહોંચાડ્યો અને પારણું કરાવ્યું.

સાંધવના અભયચંદ સોમચંદ લોડાયા, તરૂણ વીરચંદ લોડાયા અને સેવાભાવીઓએ આ ધર્મ સેવા કરી હતી.

---

# સાંતાક્રુઝ સંઘની ૧૪મી વરસગાંઠ અવસરે અભિષેક દ્વારા ધર્મ આરાધના સંપન્ન થઈ

શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘની તા.૯ મે રવિવારે ૧૪મી વરસગાંઠના અવસરે આગમ દિવાકર પ્રસમરસ નિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન સભર નિશ્રામાં વિધિકાર નરેન્દ્રભાઈ નંદુના સથવારે અભિષેક ભાવપૂર્વક થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધર્મ આરાધનામાં સહભાગ લઈ ધન્ય લાભ લીધો હતો.

## ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી મહોદયશ્રીના શિષ્ય રત્ન

# પ.પૂ.સાધ્વી શ્રી યશોદયાશ્રીજીની

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

**તથા શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર ટ્રસ્ટના સહકારથી ૨૮મી મેના**

**વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં પ્રકાશિત કરવામાં આવશે**




## 'નવલ મહારાજ'ના

**સંયમ જીવનના સુવર્ણ વર્ષના પ્રવેશ નિમિત્તે વિશેષ પૂર્તિ માટે આપની તેમના પ્રત્યેની અનુમોદના, આદરભાવ તેમજ તેમના સાથેના સંસ્મરણો લખીને મોકલો**

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

## કલર ફુલ પેજ રૂા.૮૦૦/-

**Harish Dharamsi - 9324012888**
**Jayantilal Maisheri - 9819748250**
**Email : gyatimaiya2018@gmail.com**

# પ.પૂ.સા.શ્રી વંદનાગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૬મા વર્ષમાં પ્રવેશ



દીક્ષા તિથિ ચૈત્ર વદ ૯ વિક્રમ સંવત ૨૦૬૨ ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા., દીક્ષા સ્થળ સાંયરા-કચ્છ દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. માવિત્રનું નામ માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિનભાઈ નાગડા ગામ જખૌના દુહિતા જે સંયમ જીવન સ્વીકારી પ.પૂ.સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. નામધારી થયા.

પૂજ્યશ્રી સંયમ જીવનના ૧૫ વર્ષ પૂર્ણ કરી ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો. જે માટે શુભ ભાવના સાથે અઢળક વંદના.

# બીજીએસ તિરૂપુર ચેપ્ટર દ્વારા ઓક્સિજન કીટની સેવા મિશન રાહત અંતર્ગત શરૂ કરાઈ






બીજીએસ તિરૂપુર દ્વારા કોરોના દર્દીઓ ઘરે રહી ઓક્સિજનની સેવા લઈ શકે એ માટે મિશન રાહત અંતર્ગત ઓ ટુ બેંક કીટ ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન આપવાનું શરૂ કરાયું.

કમિટી મેમ્બર પ્રતાપ હંસરાજ નાગડાના આયોજન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. શરૂઆતે પુષ્પાબેન નાગડાએ નવકાર પઠન કરી પ્રોગ્રામની શરૂઆત કરાવી. બે દાતાઓ દ્વારા મળેલ ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન ઘરે રહી સારવાર લેતા કોરોના સંક્રમિતોને ઉપયોગી થશે એવો વિશ્વાસ ઉપસ્થિતો એ દર્શાવ્યો હતો. આગામી સમયમાં હજી બીજા મશીન પણ મળતાં સુવિધામાં વધારો થશે અને સેવાકાર્ય વિસ્તૃત પણે થશે.

# સુથરી મહાતીર્થે પ.પૂ.મ.સા.ની દીર્ઘ તપસ્યા સાથે અખંડ ધારા અભિષેક થયા



શ્રી સુથરી મહાતીર્થના ધૃતકલ્લોલ દાદાની છત્રછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં કોરોના મહામારી સમગ્ર વિશ્વમાંથી દૂર થાય અને જનજીવન સૌ સુખમય થાય એવી ભાવના સાથે પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.એ પોતાની દીર્ઘ તપસ્યા સાથે અઠમ તપમાં સળંગ ત્રણ દિવસ દાદાના અખંડધારા અભિષેક કરાવેલ. ત્યાગી તપસ્વી ગુરૂદેવના ચરણે ભાવથી વંદન, તોડવા ભવો ભવના બંધન.

# ધ્યાન યોગી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની સવા માસની આમ્ર કલ્પ તપસ્યાના શ્રી વડાલા સંઘમાં પારણા થયા

ધ્યાન યોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની છેલ્લા સવા મહિનાથી ચાલી રહેલ આમ્ર કલ્પની તપસ્યાના પારણા માતુશ્રી મમીબાઈ કલ્યાણજી દેઢિયા હસ્તે પ્રજ્ઞાબેન પ્રદીપભાઈ દેઢિયા કોટડા રોહાના હસ્તે સંપન્ન થયા.

પૂજ્યશ્રી સવા માસથી ફક્ત એક જ દ્રવ્યના આહાર ગ્રહણ કરી તપસ્યા કરી રહ્યા હતા. તપધર્મની જય જયકાર. ગુરૂદેવશ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં સુખશાતાપૂર્વક બિરાજ માન છે.

વડાલા નગર અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ ભૂમિ છે. આ વડાલા નગર એ અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા.ની ગણિવર્ય પદ ભૂમિ છે. આ વડાલા નગર પરમ તારક ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ની કાલધર્મ ભૂમિ છે. આ વડાલા નગર ધ્યાન યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની જન્મ ભૂમિ છે. આવી પાવનકારી ભૂમિના અચલગચ્છ જૈન સંઘમાં પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગર મ.સા. તથા યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. બિરાજમાન છે. યુવામુનિશ્રીજીની ૨૧ દિવસની સાધના જારી છે અને સુખ શાતાપૂર્વક આગળ વધી રહી છે.

# કેડીઓ જ્ઞાતિ મહાજન અમદાવાદના પદાધિકારીઓ વર્ષી તપના તપસ્વીઓના ઘરે ઈક્ષુરસ પહોંચાડી પારણા કરાવ્યા





શ્રી કે.ડી.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના મેનેજીંગ ટ્રસ્ટી ગુલાબભાઈ દંડ, સેક્રેટરી રાજેશ ધરમશી, જોઈન્ટ સેક્રેટરી કેતન લોડાયા, મેડિકલ કમિટિના સભ્ય તેજસ લોડાયા અને જ્ઞાતિના સભ્ય દીપાબેન લોડાયા અમદાવાદ પરિસરમાં વર્ષી તપના તપસ્વીઓને તેમના નિવાસ સ્થાને ઈક્ષુરસ પહોંચાડી પારણા કરાવ્યા સાથે તપસ્વીઓનું બહમાન પણ કરવામાં આવેલ.

ત્યારબાદ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને અનાજ કીટ અને રોજબરોજની જરૂરિયાતી મેડિસિનનું વિતરણ કરવામા આવેલ.

# પાલીતાણા તીર્થના કચ્છી ભવનમાં ભક્તામર અભિષેક અનુષ્ઠાનનું આયોજન થયું

અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તી પ.પૂ. શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.સા.શ્રી નયનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી પીયૂષપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના વર્ષીતપની તપસ્યા નિમિત્તે પાલીતાણામાં કચ્છી ભવનમાં પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી માતુશ્રી કુંકુબેન ગાંગજી જખુભાઈ દેઢિયા બિદડા તરફથી ભક્તામર અભિષેક અનુષ્ઠાનનું આયોજન કરાયેલ. વર્તમાનમાં પાલીતાણામાં અચલગચ્છના ૩ સાધુ ભગંતો અને ૩૩ સાધ્વીજીઓ શાતાપૂર્વક બિરાજમાન છે.

# પ.પૂ.સાધ્વીશ્રી અર્હંશાશ્રીજી મ.સાનો સંયમ જીવનના પાંચમા વર્ષમાં પ્રવેશ





કચ્છ ગામ સાંયરાના માવિત્ર શ્રીમતી હિનાબેન રાજેનભાઈ લોડાયાના પુત્રી મુમુક્ષુ ભાવિબેન ચૈત્ર વદ ૧૨ વિ.સં.૨૦૭૩ના દીક્ષા સ્થળ ઘાટકોપર મધ્યે સંયમ જીવન સ્વીકારી પ.પૂ.અર્હંશાશ્રીજી મ.સા. નામ પામ્યા. ગુરૂ નામ પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પૂજ્યશ્રીને સંયમ જીવનના પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ભાવપૂર્વક વંદના સહ શુભકામના.

# ડોંબિવલી સંઘ સંચાલિત શ્રીગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્રની જીવન નિર્વાહ કીટ યોજનામાં સહભાગી થવા અપીલ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી શ્રી ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર દ્વારા કોરોનાના કપરા કાળમાં સાધર્મિકોને અનાજની કીટ અર્પણ કરરી ભક્તિ થાય છે. અત્રેના ૩૦૦ પરિવારોની જીવન નિર્વાહ માટે જરૂરી ખાદ્ય સામગ્રીની રૂા.૧૧૦૦ની કીટ દર મહિને અર્પણ કરી ભક્તિ થઈ રહી છે.

વર્તમાન સમયે અનાજની કીટ માટે નવી ૬૦૦ અરજીઓ આવેલ છે. જેમાં સાધર્મિકોની ભક્તિ કરવાની સૌને અપીલ છે. કુટુંબનો સંબંધ કર્મે સર્જેલો છે જ્યારે સાધર્મિકનો સંબંધ ધર્મે સર્જેલો છે. એટલે આપણા સાધર્મિકોને સાચવી લઈએ જેથી ધર્મ જાતે જ સચવાઈ જશે. સાધર્મિકોને સાથ આપીએ તેઓની સાથે રહીએ.

આમાં વિવિધ યોજનાઓ છે. ● ૧૦૦ સાધર્મિકોની એક મહિનાની ભક્તિ એક લાખ રૂપિયા ● ૨૫ સાધર્મિકોની એક મહિનાની ભક્તિ પચીસ હજાર રૂપિયા ● પાંચ સાધર્મિકોની એક મહિનાની ભક્તિ રૂા. પાંચ હજાર. વિશેષ માહિતી માટે સંપર્ક ૯૮૨૦૫૬૫૬૨૬૧, ૯૩૨૧૭૬૩૯૩૧

બેંક વિગત Shree Achalgachha Jain Sangh, Dombivli, Bank of Baroda, Dombivali East Branch, IFSC Code BARBODOMBIV A/c No.07330100021108.

# શ્રી કોઠારા જૈન મહિલા મંડળની ઝૂમ મીટીંગ





શ્રી કોઠારા જૈન મહિલા મંડળ તરફથી તા. ૭ મે શુક્રવારના ઝૂમ મીટીંગની સંગાથે ખૂબ જ બહોળી સંખ્યામાં મેમ્બર બહેનો એ માહિતગાર અને ગમ્મત પૂર્ણ આ વર્ષ નો બીજો કાર્યક્રમ માણ્યો. મંડળના સેક્રેટરી શ્રીમતી પૂજાબેન લોડાયાના સહકારથી ડેન્ટિસ્ટ ચૈતાલી રાજેશ ખોનાને આમંત્રીત કરેલ જેમણે પોતાની આગવી શૈલીમાં દાંતો વિષે ખૂબ જ ઊંડાણપૂર્વક ખૂબ જ કુનેહથી સમજણ આપી સાથોસાથ મેમ્બર બહેનોને એમના સવાલોના સંતોષકારક જવાબો આપી માર્ગદર્શન પુરુ પાડેલ. મૃદુભાષી ડો.ચૈતાલી ખોના એ પોતાના બીઝી શેડયૂલમાંથી સમય ફાળવ્યો એ બદલ મંડળના પ્રમુખ શ્રીમતી કલ્પના દિપક ધરમશી એ ખૂબજ આભારની લાગણીઓ વ્યક્ત કરી મોમેન્ટો દ્વારા સન્માનિત કરેલ. સીઝન દરમ્યાન કાર્યક્રમમાં મેંગો થીમ ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બની રહી. જેમા પાંચ મેમ્બરો ને ઈનામ અર્પણ કરાયા હતા. ત્યારબાદ તંબોલા હાઉઝી રમતથી મનોરંજન પિરસવામાં આવેલ. આ વર્ષે ખૂબ જ ઉત્સાહી એવા શ્રીમતી ચૈતાલી દંડ અને શ્રીમતી નેહલ ધરમશીનો કમીટીમાં સમાવેશ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર કમિટીએ ખંતપૂર્વક યથાયોગ્ય કાર્ય કરેલ.

# મોટી સિંધોડી નગરના શ્રી નેમિનાથ સ્વામી દાદાના જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ વિધિ સંપન્ન થઈ







કચ્છ પ્રદેશના અબડાસા પંથકના મોટી સિંધોડી નગરના શ્રી નેમિનાથ સ્વામી દાદાના જિનાલયની વર્ષગાંઠ તા.૧૪ મે શુક્રવાર અક્ષય તૃતીયાના પવિત્ર દિને હાલના પ્રવર્તમાન કપરા સંજોગોને લક્ષમાં લઈ માત્ર આઠ જણની હાજરી વચ્ચે વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના વિધિ વિધાન સહયોગ સાથે ધ્વજારોહણ વિધિ ઉત્સાહ પૂર્ણ માહોલમાં સંપન્ન થઈ.

# જખૌ તીર્થે યાત્રિક શ્રાવકો માટે સુવિધાપૂર્ણ આવાસ રૂમોની સગવડ શરૂ થઈ






શ્રી જખૌ રત્ન ટુંક જિનાલય સંકુલ ખાતેના નવનિર્મિત કેશર રૂમ શુક્રવાર, તા.૧૪ મે ૨૦૨૧ને અક્ષય તૃતીયાના દિવસના શુભ મુહૂર્તે રોજિંદા વપરાશ માટે યાત્રિક શ્રાવકજનો માટે શરૂ કરવામાં આવ્યા છે. આ સગવડ અત્રે આવતા ભાવિક શ્રાવકો માટે સગવડરૂપ થશે.

---

# રાયધરજર નગરે આદિનાથ જિનાલયની ૨૩૨મી ધ્વજાનો અવસર રંગ ઉમંગથી ઉજવાયો







કચ્છ પ્રાંતના અબડાસા તાલુકાના રાયધરજર નગરે ગુરૂવાર, તા.૧૩ મે દિને પ્રાચીન આદિનાથ જિનાલયની ૨૩૨મી ધ્વજાનો કાર્યક્રમ હાલના સંજોગોને લીધે મર્યાદિત સભ્યોની હાજરી વચ્ચે છતાં વિધિવત વિવિધ ધર્મ આરાધનો કરી રંગે ઉમંગના ભાવથી સંપન્ન થયો. અત્રેના જિનાલયનું નિર્માણ આજથી ૨૩૨ વર્ષ પૂર્વ થયેલ. તે મૂળભૂત જિનાલય મૂળ સ્વરૂપમાં હજીય અકબંધ છે અને ભાવિકજનોના ભાવ હૃદયમાં શ્રધ્ધા સ્થાને અંકિત થઈ સ્થાપાયેલ છે.

---


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છ બોંતેર જિનાલય તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સાધુ-સાધ્વીજી મ.સા.ના વર્ષીતપના પારણા સુખરૂપ થયા







કચ્છ પ્રદેશના ૭૨ જિનાલય તીર્થે વર્ષીતપ પૂર્ણાહૂતિ અવસરે ઈક્ષુરસ પારણા તા.૧૪ મે શુક્રવારના અખાત્રીજના મંગલ દિન પ્રસંગે તપસ્વી શ્રમણ-શ્રમણી ભગવંતો અજોડ શાસન પ્રભાવક ૨૦મા વર્ષીતપના તપસ્વી તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પ.પૂ.મુનિશ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જિનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જયશીલાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી હર્ષશિલાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અર્હમશિલાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ત્યાગશિલાશ્રીજી મ.સા., પ.પૂ. વીતરાગશિલાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યોગદષ્ટિશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જૈન મૂકલાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કિરણકલાશ્રીજી મ.સા.ના વર્ષીતપના પારણા સાદાઈથી કરવામાં આવેલ.

૨૦મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. એ મંગલાચરણ કરી આશીર્વાદ પાઠવેલ. પ.પૂ..રત્નાકરસાગરજી મ.સા., પ.પૂ.ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ.કલ્પતરૂસાગરજી મ.સા. એ ૭૨ જિનાલય તીર્થને કલ્પવૃક્ષ ગણાવી. આજે વર્ષીતપના પવિત્ર દિવસે અનેક પુણ્યાત્માઓના તપના પારણાના તેજ ચોમેર ફેલાઈ રહ્યા છે. કોરોનાના સમયમાં સાદાઈથી પારણાનું આયોજન કરાયેલ તેમાં પણ વિવિધ દાતાઓએ લાભ લઈ પુણ્યાનું બંધી પુણ્ય ઉપાર્જન કરેલ. જિનાલયને ૨૫મો વર્ષ થઈ રહ્યો છે ત્યારે આ ભૂમિ ઉપર તપસ્વીઓના તેજ ભવ્યતાથી ઝબકી રહ્યાં છે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.દાદા સાહેબ શ્રી ગૌતમ સાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે દિક્ષિત થયેલા દાદા ગુરૂણી પ્રવર્તિની મહતરા પ.પૂ.સાધ્વીશ્રી ગુલાબશ્રીજી મ.સા.ના પરિવારના પ.પૂ.સાધ્વીશ્રી ખીરભદ્રાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ પ.પૂ.સાધ્વીશ્રી નિર્મલગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ.સા.ના ૬૧મા સંયમ પર્યાયની અનુમોદનાર્થે પ.પૂ.સા.શ્રી જ્યોતિષ્પ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી પ.પૂ.સા.શ્રી વારિષણાશ્રીજી મ.સા.ના આત્માશ્રેષાર્યેથે માતુશ્રી રતનબેન વજપાર વીરજી દેઢિયા, નાના આસંબિયા, હસ્તે સુપુત્રી મણિબાઈ હેમરાજ હરશી બૌઆ તુંબડીવાળા, શ્રીમતી લક્ષ્મીબેન વલ્લભજી વેલજી ગાલા નાના આસંબિયા, શ્રીમતી હીરાવંતીબેન પ્રાણજીવન નાનજી છેડા કાંડાગરા, માતુશ્રી સુંદરબેન ગાંગજી રામજી સાવલા મોટા આસંબિયા તેમજ સાધર્મિક ભક્તિનો લાભ શ્રીમતી કસ્તુરબેન રવિલાલ ઠાકરશી સંગોઈ પરિવાર પુનડીવાળાએ લીધેલ.

અન્યત્ર સ્થળે પારણા પ.પૂ.મુનિશ્રી હિતવર્ધન સાગરજી મ.સા. પાલિતાણા તીર્થ મધ્યે, ડોણ મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયકીર્તિશ્રીજી મ.સા., ભોજાય મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા., મેરાઉ મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી પાર્શ્વગુણાશ્રીજી મ.સા., કચ્છ મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી નિપુણરત્નાશ્રીજી મ.સા., માંડવી મધ્યે પ.પૂ.સાધ્વીશ્રી અપૂર્વયજ્ઞાશ્રીજી મ.સા., જ્યારે શેરડી મધ્યે સાધ્વીશ્રી વીરવંદનાશ્રીજી મ.સા. સાદાઈથી કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિધિકાર સંગીતકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલાએ કરેલ.

# પાલીતાણા મહાતીર્થે કચ્છી ભવનમાં સાધુ સાધ્વીજી મ.સા.ના વર્ષીતપના પારણા થયાં




પાવન ભૂમિ પાલીતાણા મહાતીર્થે ભૂમિના કચ્છી ભવનના આંગણે પ.પૂ.હિતવર્ધનસાગરજી મ.સા. તથા અન્ય ૩ સાધ્વીજી મ.સા.ના તા.૧૪ મે શુક્રવાર અક્ષય તૃતિયાના દિને વર્ષીતપના પારણા શાતાપૂર્વક થયેલ હતા.

---

# વેરાવળમાં ક.દ.ઓ.જ્ઞાતિ સમાજનું ગૌરવ વધારતા ઉદયભાઈ નવીનચંદ્ર દંડ

મૂળ કચ્છ લાલાના ઉદયભાઈ નવીનચંદ્ર દંડ(શાહ) ઉદય ટ્રાન્સપોર્ટવાળા તાજેતરમાં યોજાયેલ વેરાવળ નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી. રાષ્ટ્રીય સ્તરના સંગઠિત રાજકીય પક્ષોના સતાવાર ઉમેદવારોને સારી લડત આપી જંગી બહુમત મેળવી વિજયી નિવડ્યા છે. હાલે પ્રવર્તમાન કોરોના મહામારીના આ વિષમકાળમાં નાના અને જરૂરિયાતવાળા લોકોની માટે અનેકવિધ સેવાકીય કાર્યો અને પ્રવૃતિઓ કરી સારી એવી નામના અર્જિત કરી છે. જે આપણા ક.દ.ઓ.જ્ઞાતિ સમાજ માટે ગૌરવ ભરી બિના છે.




નવ નિર્વાચિત નગરસેવક ઉદયભાઈ દંડ પોતાના પદ પર રહીને હજુ વધુને વધુ લોકપયોગી કાર્યો કરે અને રાજકીય ક્ષેત્રે ઉન્નતિ શિખર સર કરે એ શુભેચ્છા સાથે અઢળક અભિનંદન આપી નવાજીએ છીએ.

---

# કોરોનાના સંકટકાળમાં સંજીવની જેવું કાર્ય કરે છે યશ અનિષ વાલજી મોમાયા સંચાલિત ઓક્સિજન પ્લાન્ટ

હુબલી રહેતા યશ અનિષ વાલજી મોમાયા એ વર્ષ ૨૦૧૮માં કર્ણાટક રાજ્યના કુમઠા નગરના બેટકુલીમાં પદ્માવતી ઈન્ડસ્ટ્રીયલ ગેસ નામે શરૂ કરેલ છે. કોરોનાના વધતા પ્રકોપમાં દર્દીઓને ઓક્સિજન જરૂરિયાતની માંગમાં ઉછાળો આવતા આ ફેક્ટરીમાં મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન શરૂ કર્યું. જેની સપ્લાય કુમઠા તેમજ હોનાવર શહેરોમાં થાય છે. આમ આ ઓક્સિજનનું સપ્લાય કોરોના દર્દીઓ માટે સંજીવની રૂપ છે. આ મહામારી કાળમાં જ્ઞાતિના ઈન્ડિસ્ટ્રીયાલિસ્ટને ધન્યવાદ છે. તેમની કાર્યભાવના અને સેવા સમર્પણથી કેડીઓ જ્ઞાતિનું નામ પણ ગૌરવશીલ થયું છે.

કુમઠા જિલ્લાના અધિકારીઓ, નોડલ ઓફિસર, તહેસલીદાર અને સ્થાનિક ધારાસભ્ય પદ્માવતી ઈન્ડસ્ટ્રીયલ ગેસ પ્લાન્ટ, બેટકુલીની મુલાકાત લઈ સુચિત પ્લાન્ટમાં ઉત્પાદિત થતો ઓક્સિજન સુચારૂ રીતે અને સમયસર કોવિડ દર્દી ઓને માટે પહોંચે એ માટેનું તંત્ર આયોજન ગોઠવ્યું હતું અને અસ્ખલિત પુરવઠો મળતો રહે એ માટે વ્યવસ્થા કરી હતી.

# રાયપુર મધ્યે ઉત્તમચંદભાઈના પાંચમા વર્ષીતપના પારણા સંપન્ન થયા




નાની સિંધોડીના અને હાલ રાયપુર નિવાસી ઉત્તમચંદ ખીમજી મૈશેરીના સતત પાંચમા વર્ષીતપના પારણા અખાત્રીજના દિને સંપન્ન થયા. એમનું પોતાનું ઘર દેરાસર વાસુપૂજ્ય સ્વામી જિનાલય રાયપુરનમાં ૩ વર્ષથી છે. સતત ધર્મ આરાધનાઓ અને તપ સાધના દ્વારા અત્રેનું ઘર દેરાસર સતત ભક્તિભાવ માહોલમાં ગુંજતું રહે છે.

# રાયપુર સંઘમાં વર્ષીતપના અનુમોદનાર્થે સમૂહ સાંજી અને સંગીત ભક્તિનો કાર્યક્રમ યોજાયો

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માના આશીર્વાદ પ.પૂ.ગુરૂવર્યા ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.ગુરૂવર્યા શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના માંગલિક પચ્ચખાણ એવમ વાસક્ષેપ છાંટણા પ્રતાપે ઉત્તમચંદ ખીમજી મૈશેરીના પાંચમા વર્ષીતપ તથા શ્રીમતી પ્રવીણાબેન સતિષ છેડા, ગૌતમભાઈ નવીન શાહ અને અન્ય તપસ્વીઓના વર્ષીતપ સુખશાતા અને નિર્વિઘ્નતાથી પૂર્ણ થયા. આ તપની નિમિત્તે તા.૧૩ મે, ગુરૂવારના સાંયકાલ ૭ કલાકે તપ અનુમોદનાર્થે સમૂહ સાંજી તથા નાસિકના પ્રસિદ્ધ ગાયક ભાવેશના સુમધૂર કંઠે સંગીતમય ભક્તિ આયોજિત કરાઈ હતી. જેનું ઓનલાઈન આયોજનનો લાભ સૌ ઘેરબેઠાં લીધો હતો. સમગ્ર આયોજનનો લાભ સૌ ઘરેબેઠાં લીધો હતો. સમગ્ર આયોજન યશપાલ મોમાયા દ્વારા થયું હતું.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘ આયોજિત સમૂહ પારણા મહોત્સવ ઓનલાઈન યોજાયો

તા.૧૪ મે શુક્રવાર સવારે ૯ કલાકથી શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘના આયોજન હેઠળ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., પ્રશમ રસ નિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ શતાધિક શ્રમણ, શ્રમણીવૃંદની પાવનકારી નિશ્રામાં ઓનલાઈન સામૂહિક પારસા મહોત્સવનું આયોજન કરાયું. અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘ દ્વારા દરેક તપસ્વીઓના શાતા પૂછાવી હતી અને ઘર બેઠા સર્વે તપસ્વીઓ શાતાપૂર્વક પારણું કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ઓનલાઈન વર્ષીતપ પારણા મહોત્સવનો કાર્યક્રમ જે ચાર કલાકનો છે તે માણવાની યુટ્યૂબ લીંક https://youtu.be/NckOOIBy1Z8 છે.

# સમૂહ વર્ષીતપ પારણા મહોત્સવમાં જ્ઞાતિમૈયાના અચલગચ્છાધિપતિ પદગ્રહણના વિશેષાંકનું વિમોચન કરાયું





તા.૧૪ મે શુક્રવાર અક્ષય તૃતીયાના મંગલ દિને શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘ આયોજિત સમૂહ પારણા મહોત્સવ પ્રસંગે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મિડીયા કમિટી દ્વારા સાપ્તાહિક ઈમેગેઝિન જ્ઞાતિમૈયાનો તા.૨૨ એપ્રિલ ૨૦૨૧નો અંકને ૧૫૦ સુધર્મા પાટોત્સવ મહોત્સવ પ્રસંગે અચલગચ્છાધિપતિ પદ સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક કચ્છ કેસરી અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને પ્રદાન થયો એ ઐતિહાસિક અવસરને શબ્દગ્રંથમાં કંડારેલો જ્ઞાતિમૈયા વિશેષાંક તેમજ આદિ પ્રકાશન દ્વારા પ્રગટ કરાયેલા બુકનું વિમોચન આ અવસરે અચલગચ્છાધિપતિ પૂજ્યશ્રીના કરકમલો દ્વારા થયો. એક નકલ તેમને અર્પણ કરાઈ.

ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રમુખ નયનભાઈ ભેદા, મનોજભાઈ લોડાયા, ઉદયનભાઈ સાથે અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના સેક્રેટરી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા, પ્રમુખ શ્રી રતનલાલ વડેરા વિગેરે શ્રેષ્ઠીઓની ઉપસ્થિતમાં આ અર્પણ વિધિ થઈ.

# બોતેંર જિનાલય તીર્થે પ.પૂ.સા.શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.નું વર્ષીતપનું પારણું કરાયું





કચ્છના ૭૨ જિનાલય તીર્થ મધે પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.ને તા.૧૫ મે શનિવારના દિવસે વર્ષીતપનું ઈક્ષુરસથી પારણું શ્રમણી ભગવંતોએ કરાવ્યું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



નિર્મલા શિયાલ
તા.૭ મે (ઉ.૭૭)
દલતુંગી-રાજકોટ



જીનાલી પીર (લોડાયા)
તા.૮ મે (ઉ.૪૨)
બાયઠ-ડીગ્રસ



રિધ્ધી લોડાયા
તા.૮ મે (ઉ.૫૦)
ગોરખડી-માટુંગા



નિર્મલાબેન લાપસીયા
તા.૯ મે (ઉ.૮૬)
દલતુંગી-ડોંબિવલી



મેહુલ મોતા
તા.૯ મે (ઉ.૩૧)
વાંકુ-ગાંધીધામ



મણિકાંત શિઆલ
તા.૯ મે (ઉ.૭૭)
જખૌ-ડોંબિવલી



બીના મૈશેરી
તા.૯ મે (ઉ.૫૩)
સાંધાણ-ગાંધીધામ



નવીનચંદ્ર લાપસીયા
તા.૧૦ મે (ઉ.૭૯)
રંગપુર-મુલુંડ



નિર્મળાબેન દંડ
તા.૧૦ મે (ઉ.૮૫)
સુથરી-કોચીન



ધનજી મોતા
તા.૧૧ મે (ઉ.૭૪)
જશાપર-મીરા રોડ



અરૂણાબેન ખોના
તા.૧૧ મે (ઉ.૭૪)
મોટીખાવડી-ડોંબિવલી



ભુપેન્દ્ર મોતા
તા.૧૧ મે (ઉ.૭૩)
તેરા-વડાલા



ઈન્દુમતિ પોલડીયા
તા.૧૨ મે (ઉ.૭૭)
બાયઠ-ભાંડુપ



હિરાવંતીબેન મૈશેરી
તા.૧૨ મે (ઉ.૬૫)
જખૌ-ડોંબિવલી





રતનબેન શિઆલ
તા.૧૩ મે (ઉ.૮૨)
આરીખાણા-થાણે



નવીનચંદ્ર મોમાયા
તા.૧૩ મે (ઉ.૭૪)
વરાડીયા-ઘાટકોપર



સુભાષ મોમાયા
તા.૧૪ મે (ઉ.૬૨)
મોટી સિંધોડી-સીરસી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન-કાસેઝ દ્વારા તાત્કાલિક ધોરણે ૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલનું નિર્માણ કરવાની ઘોષણા રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે કાસેઝ ખાતે સમીક્ષા બેઠક યોજી હતી તેમાં કરાઈ હતી. કાસેઝ ખાતે કામ કરતા ૨૮૦૦ જેટલા લેબર કર્મચારીઓનું તાત્કાલિક ધોરણે કોરોના વેક્સિનેશન કરાય તે માટે તત્કાળ વ્યવસ્થા કરવા પણ સૂચના અપાઈ હતી. બેઠકમાં જોઈન્ટ ડેપ્યુટી કમિશનર, કાસેઝ સ્થિત ઈન્ડસ્ટ્રીઝોના પ્રતિનિધિઓ, પ્રાંત અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસ મામલતદાર તેમજ ડીપીટી અને કેપીટી હોસ્પિટલ કાસેઝના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

● કોરોના મહામારીનો બિહામણું સ્વરૂપ સામે આવવા સાથે વર્ક્યું છે. બિમારીથી બચવા અને ડર ભયનો માહોલ દૂર કરવા નાના બાળકોથી માંડી મોટા સામાન્ય આવક ધરાવતો કે ઘનિક વર્ગ મનોવૈજ્ઞાનિક ઢબે કામ કરવાના સંદેશ સાથે લોક સેવા કરી રહ્યાં છે. ભચાઉની દરજી સમાજની બે બાળાઓ ક્રિયા ઉ.વ.૧૪ અને યશ્વી ઉ.વ.૧૧ હરેશભાઈ દરજીએ કપૂર, અજમો અને લવિંગની પધ્ધતિસર ૧૨૦૦ જેટલી પોટલી બનાવી નાખીને મોબાઈલ નંબર લખી વિતરણ ચાલુ કરી નાંખ્યું. રામવાડીમાં પિતા હરેશભાઈ તુલસીભાઈ દરજીની દુકાન ચંદ્રેશ ટેઈલરમાંથી લોકો પોટલી લઈ જાય છે. બન્ને બહેનો દરરોજ ત્રણ સો જેટલી પોટલી બનાવી વિતરણ કરે છે.

● સોંગદનામા, દસ્તાવેજો સહિતની કાયદાકીય જોગવાઈઓમાં જરૂરી સેવા ઈ સ્ટેમ્પ માટેના ગુલાબી કાગળો માટે કચ્છ માત્ર ગાંધીધામમાં જ એજન્સી અપાઈ છે. આ કાગળોની કચ્છભરમાં દરેક સ્થળે માંગ છે. પરંતુ આ માટે બધાને ગાંધીધામ સુધી લાંબા થવું પડતું હોવાની રાડ ઊઠી છે. આ માટે ભુજમાં વિતરણ શાખા ખોલવા માંગ ઊઠી છે. સમગ્ર જિલ્લામાં માત્ર ગાંધીધામમાં જ સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશનની એક માત્ર શાખા હોવાથી પશ્ચિમ કચ્છને પડે છે.

● મુશ્કેલ ઉનાળાની કાળ ઝાળ ગરમી અને ઉકળતા તાપમાં જરૂરતમંદ શ્રમજીવી પરિવારોને પીવા માટે છાશ મળે તેવા ઉદેશથી માનવજ્યોત સંસ્થા ભુજએ હરતું ફરતું છાશ કેન્દ્ર શરૂ કર્યું છે. છેલ્લા દોઢ માસથી આ છાસ કેન્દ્ર દરરોજ જુદા જુદા વિસ્તારોમાં પહોંચી આંતરડી ઠારવાનું કામ કરે છે. દરરોજ ૩૦૦ લીટર છાશનું વિતરણ થાય છે.

● ચૈત્ર મહિનો એટલે જૈનોના આયંબિલ તપ આરાધનાનો મહિનો. લોકડાઉનને લીધે સામૂહિક આયંબિલ બંધ હતા. ત્યારે ૩૫ વર્ષની બ્યુટિશિયન વ્યવસાય કરતા મુદ્રા તાલુકાના પત્રીના ઈલા અનિલ ધરોડએ એકલપંડે આયંબિલની રસોઈ કરી ૫૦ થી ૬૦ જણને નિઃશુલ્ક ટિફિન બનાવી આપી પુણ્યનું કાર્ય કર્યુ. પોતાના ઘરે રસોઈ બનાવીને તપસ્વીઓ માટે સુયોગ્ય વ્યવસ્થા કરી. દરરોજ અલગ અલગ મેનુ રોજ ૮-૧૦ વેરાયટીમાં સૂકો નાસ્તો રાખતાં. આ વર્ષે તેમણે પણ પહેલી વાર આયંબિલ તપ કર્યા હતા.

● અજરામર ટ્રસ્ટ ભુજ દ્વારા નખત્રાણા તાલુકા વિવિધ લક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના સહયોગથી નખત્રાણા ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ક્ષેત્રએ પોતાના કૌશલ્ય બળે ટેકનોલોજી આધારિત તાલીમ મેળવી કુશળતા મેળવે અને આત્મનિર્ભર બને એવી શીખ અપાઈ હતી. કોમ્પ્યુટર તાલીમ, ફેશન ડિઝાઈન, બ્યૂટી પાર્લર, શિક્ષણ ક્ષેત્રે તાલીમ મેળવી સ્વ નિર્ભર બને એ માટે જોર મૂકાયો હતો.

● સમગ્ર જિલ્લાના ગામેગામથી કોરોનાના દર્દીઓને લઈ સારવાર માટે સ્વજનો ભુજ લઈ આવે છે પણ પરિવારજનોને રહેવા જમવાની પડતી મુશ્કેલી નિવારવા રામૈયા ગેસ્ટ હાઉસના માલિક હેમલ સુભાષભાઈએ કોવિડ પેશન્ટના સ્વજનો માટે પોતાની હસ્તકના ગેસ્ટ હાઉસની ચાવી સોંપી હતી અને જેને આ સુવિધાની જરૂર હોય તેમણે ડોક્ટરનો લેટર અને આધારકાર્ડ લઈને આવવા સૂચના આપી હતી. એટલું જ નહીં બે ટાઈમ જમવાનું-ચા નાસ્તો પણ પોતાની તરફ આપવાની વ્યવસ્થા કરી આપી છે.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


DON'T
Compromise!
Portability Benefits Available
HEALTH INSURANCE
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA